સરકારી યોજનાઓ તમારી સર્જરિને અસર કરી શકે. NHS સામાન્ય પ્રેકટિસને તમે કેવી રીતે ટેકો આપી શકો તેની વિગતો માટે આ પત્રક વાંચવા વિનંતી.

**NHS સામાન્ય પ્રેકટિસને 60મા જન્મદિનના અભિનંદન!**

**તમારી સ્થાનિક સર્જરિની તમને જરૂર છે - તમારો ટેકો દર્શાવવા આ કાર્ડ પર સહી કરવા વિનંતી.**

આ વર્ષે NHS તેનો 60 મો જન્મદિવસ ઊજવે છે. 60 વર્ષથી સ્થાનિક જીપી સર્જરિ, તમારા ઘરની નજીક તમે અને તમારા આરોગ્યને જાણનાર લોકો દ્વારા તમને અને તમારા કુટુંબને જરૂરી વ્યક્તિગત સંભાળ પૂરી પાડે છે.

પરંતુ અમને ચિંતા છે કે નવી સરકાર, અમે જે રીતે જીપી સેવાઓ પૂરી પાડીએ છીએ તેમાં ફેરફાર કરવાનું વિચારે છે, જેથી તમારી સ્થાનિક સર્જરિ જે સર્વાંગી, ઊંચી ગુણવત્તાયુક્ત દર્દીની સંભાળ પૂરી પાડે છે તે જોખમમાં મુકાશે.

**તમારી સર્જરિ માટે ભય**

**વધુ વાણિજ્યિક કંપનીઓ દાખલ થવી**
મોટાભાગની NHS જીપી પ્રેકટિસ તેમના દર્દીઓ વતી સ્થાનિક જીપી દ્વારા સ્વતંત્ર રીતે ચાલે છે. આમ છતાં, સરકાર હવે વાણિજ્યિક કંપનીઓને જીપી સર્જરી ચલાવવા પ્રોત્સાહન આપી રહેલ છે.

આ કંપનીઓ પ્રથમ દર્દીઓને નહીં પરંતુ શેરહોલ્ડરોને જબાવદાર હોય છે.

વાણિજ્યિક કંપનીઓને ટૂંકા ગાળાના કોન્ટ્રાકટો આપવાની શકયતા છે. આનાથી ડોકટરોની ઊંચા પ્રમાણમાં ફેરબદલી થઇ શકશે, જેઓ તમને અને તમારી લાંબા ગાળાની જરૂરિયાતોને જાણતા ના હોય. આ દર્દીઓ માટે ખરાબ છે.

**પોલિક્લિનિક્સ**
સરકાર, સ્થાનિક સર્જરિની વધારાની સેવાઓ માટે નાણા જોગવાઇ કરવાને બદલે 250 મોટા નવાં આરોગ્ય કેન્દ્રો – જેને ઘણીવાર પોલિક્લિનિક્સ કહેવામાં આવે છે, તે શરૂ કરવાનું વિચારે છે.

પોલિક્લિનિક્સ વિકાસ કરવા અને ચલાવવામાં ખૂબ ખર્ચાળ હોય છે અને ઘણા વિસ્તારોમાં તેની જરૂર હોવાનો કોઇ પૂરાવો નથી.

આ આરોગ્ય કેન્દ્રોમાં 25 સામાન્ય ચિકિત્સકો હશે, અને અમને ચિંતા છે કે દર્દીઓ જેમને તેમની ચાલુ કૌટુંબિક ડોકટર સાથે સામાન્ય રીતે જે સંબંધ હોય તે તેઓ ગુમાવશે.

આ ફેરફારોને પરિણામે અમને ચિંતા છે કે ઘણી સ્થાનિક સર્જરિ ટકશે નહીં. અમે માનીએ છીએ કે NHS ફંડ તમારી પોતાની સ્થાણિક સામાન્ય ચિકિત્સક સર્જરિ ખાતે ઊંચી ગુણવત્તાવાળી સેવાઓ વિસ્તારીને વધુ સારી રીતે ખર્ચી શકશે.

**અમને શાથી આટલી ચિંતા થાય છે?**
જીપી તમને દર્દી તરીકે સારવાર આપે અને ગ્રાહક તરીકે નહીં એવું અમે ઇચ્છીએ છીએ

અમે ઇચ્છીએ છીએ કે સરકાર:

- હાલની જીપી સર્જરિમાં વધુ રોકાણ કરીને અને બિન જરૂરી પોલિક્લિનિક પર પૈસા બગાડયા વિના દર્દીઓને અપાતિ સેવાઓમાં સુધારો કરે.

- જીપી સર્જરિ ચલાવવા વાણિજ્યિક કંપનીઓને પ્રોત્સાહન આપવાની તેની યોજનાઓ અટકાવે.

**NHS સામાન્ય પ્રેકટિસના 60મા જન્મદિન કાર્ડ પર સહી કરીને તમારી સ્થાનિક સર્જરિને ટેકો આપો!**

અમને એટલી બધી ચિંતા થતી હોવાને કારણે, અમે રાષ્ટ્રવ્યાપી પિટિશન માટે સહીઓ એકઠી કરી છે, જેથી સરકારને તેની યોજના બદલવા માટે વિનંતી કરાય.

અમે અમારી પિટિશન, NHS સામાન્ય પ્રેકટિસ 60મા જન્મદિન કાર્ડની સાથે પ્રધાનમંત્રી સમક્ષ રજૂ કરીશું.

**તમે આ ફેરફારો ના તાય તેવું ઇચ્છતા હોવ તો - લોકોને જણાવો!**

અમે માત્ર પ્રધાનમંત્રીને જ જણાવવા નથી માગતા.

- તમારા મિત્રો અને કુટુંબને કહો અને તેઓને અમારી પિટિશન પર સહી કરવા જણાવો.
- પ્રાયમરી કેર ટ્રસ્ટ (PCT)ને લખો તે તમારી સ્થાનિક NHS સેવાઓનું આયોજન કરે છે.
- તમારા MPને લખો.
- તમારી સ્થાનિક કાઉન્સિલને લખો (તેમના આરોગ્ય વિહંગાવલોકન અને તપાસ સમિતિના ધ્યાન માટે)
- વર્તમાનપત્રોને લખો અથવા તમે તમારી સર્જરિને કેટલો ટેકો કરો છો તે તેઓને જણાવવા તમારા સ્થાનિક રેડિયો સ્ટેશનનો સંપર્ક કરો.

**તમારા પત્રો વાંચવામાં આવશે અને તમારા અભિપ્રાયો તફાવત ઊભો કરી શકશે!**

**વધુ માહિતી**
તમારે આ જૂથો માટે સંપર્ક વિગતો જોઇતી હોય તો, રિસેપ્શન પર પૂછો અથવા વિકલ્પમાં વધુ વિગત માટે અમારી વેબસાઇટ www.supportyoursurgery.org.uk ની મુલાકાત લો.
અથવા તમારા ડોકટર સાથે વાત કરો, જે તમને થતા કોઇપણ પ્રશ્નોના જવાબ આપવામાં આનંદ અનુભવશે.

બ્રિટિશ મેડિકલ એસોસિયેશન અને જનરલ પ્રક્ટિશનર્સ ડિફેન્સ ફંડ દ્વારા સમર્થિત.